# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૭૪ તા.૨૬/૦૪/૨૦૧૭

કામ નંબર.:૧

વિષય.: તા.: ૩૦–૦૧–૨૦૧૭ના રોજ મળેલ સમગ્ર સભાની કાર્યનોંધ વંચાયેલી ગણી મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.: પંકજ ઠાકોરભાઈ આહીર
ટેકો આપનાર.: કૈશીકભાઈ માકડીયા

સભ્યશ્રી સોનલબેન પટેલે જણાવ્યુ કે, તા.: ૨૩–૩–૨૦૧૭ના રોજ અમારા વિસ્તારના નાગરીકો પાણીના પ્રશ્ન માટે રજુઆતો કરેલ હતી પરંતુ હજુ આ કામ થયુ નથી.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, હોળી, ધુળેટી, ના તહેવારોને લઈ કોન્ટ્રાકટરના માણસ ,લેબરો, તેઓશ્રીના વતનમા જવાના કારણે આ કામ અટકેલ છે તે અંગે ઈજનેરશ્રી મયુરભાઈ આસ્વાનીને ટેકનીકલ રીતે જોઈ પ્રાયોરીટીના ધોરણે કામને પ્રાધાન્ય આપવા તથા હાલની પરિસ્થિતીને ઘ્યાનમા લઈ જરૂરીયાતના પ્રસંગે ટેન્કર ધ્વારા પાણી પુરવઠો પુરો પાડવા જણાવ્યુ.

ઠરાવ.:

વલસાડ નગરપાલિકાની તા.: ૩૦–૦૧–૨૦૧૭ના રોજ મળેલ સમગ્ર સભાની કાર્યનોંધ દરેક સભ્યશ્રીઓને
પહોચાડવામા આવેલ છે જે વંચાયેલી ગણી મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

# <u>જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૭૫ તા.૨૬/૦૪/૨૦૧૭</u>

કામ નંબર.:૨
વિષય.: તા.: ૨૩–૦૩–૨૦૧૭ના રોજ મળેલ સમગ્ર સભાની કાર્યનોંધ વંચાયેલી ગણી મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.: પંકજ ઠાકોરભાઈ આહીર
ટેકો આપનાર.: કૌશીકભાઈ માકડીયા

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, હોદ્દાની રૂએ મળેલ સત્તાઓ જોતાં એજન્ડાના કામ સિવાય ઘણી બધી ચર્ચાઓ થાય છે પરંતુ એજન્ડાના કામને સુસંગત હોઈ તે રીતેજ ચર્ચાઓનુ વર્ણન કાર્યનોંધમા લેવામા આવે છે.છેલ્લા ૩ા વરસમા દરેક સામાન્ય સભાની કાર્યનોંધો વિભાગને મોકલવામા આવે છે જે કોઈ ચર્ચાઓ થાય છે તેના હાર્દને સમાવી લેવામા આવે છે.

સભ્યશ્રી શશીભાઈ શેઠીયાએ જણાવ્યુ કે, બજેટ અંગે રજુ કરેલ મુદ્દાઓની ચર્ચાઓનો સમાવેશ થયેલ નથી.જે ચર્ચાઓ થયેલ હોય તેનુ વર્ણન લેવુ. બાંધકામ લેવલનુ ,સરકારના જીઆર.કેબલ, ટીવી, કનેકશનો વિગેરે તેમજ  લોકલ ફંડ ઓડીટનો અહેવાલ પણ આવી ગયેલ હોય, જે અંગે આગામી કાર્યવાહી થવી જોઈએ.સરકારના પરીપત્રોની અમલવારી ચાલુ કરવી.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, એજન્ડા સિવાયની ચર્ચાઓ વ્યાજબી નથી તેમ છતાં સરકારના પરીપત્રોની અમલવારી કરવાનુ ઠરાવવામા આવે છે.અને જે ચર્ચાઓ થયેલ હોઈ તેના મુદ્દાઓનુ વર્ણન લેવામા આવશે.

સભ્યશ્રી રમેશભાઈ ડેનીએ જણાવ્યુ કે, ગત સામાન્ય સભામા થયેલ ઠરાવ જોડે સરકારશ્રીમા રજુઆત કરવા તેમજ પ્રિમોન્સુન કામગીરી માટે નગરપાલિકાના સેનેટરી શાખાના હયાત સ્ટાફમાથી ૪૦ કામદારો લેતા રોજીદી કામગીરી ઉપર અસર થયેલ છે જેથી પ્રિમોન્સુનની કામગીરી માટે અલગથી ૪૦ માણસોની વ્યવસ્થા કરવા જણાવ્યુ.

ચીફ ઓફીસરશ્રીએ જણાવ્યુ કે, આપ સૌ સક્રિય સભ્યો છો.અને બધાની લાગણી પણ સારી છે.પ્રજાના પ્રશ્નોની રજુઆાત કરી સારી બાબત છે.પરંતુ વલસાડ નગરપાલિકાનો સ્ટાફ –૭૨૬ કર્મચારીઓનો છે જે ઘણી મોટી સંખ્યામા છે.જેના પાછળ એક કરોડ ચાલીસ લાખ રૂપિયા પગાર પેટે ખર્ચ થાય છે.જયારે ગ્રાન્ટની આવક બાસંઠ લાખ રૂપિયા છે.નગરપાલિકાનુ માંગણુ નવ કરોડ છે.સ્વભંડોળમાથી ઘણી મોટી રકમનો બોજ પડે છે.જેથી આર્થીક પરિસ્થિતિ સારી નથી .લોકોની આવશ્યક જરૂરીયાત ગટર, લાઈટ, પાણી,રસ્તા , જેવી બૈઝીક સર્વીસો પુરી પાડવી ફરજીયાત છે .ફકત કર્મચારીઓનુ ગુજરાન માટેજ કામગીરી કરવાની નથી. આવકના સ્ત્રોતો વધારી અને હયાત સ્ટાફ પાસે વ્યવસ્થિત રીતે કામ લઈ સરકારશ્રીના તા.:૨૨–૧–૨૦૦૪ના પરીપત્રો મુજબ કામગીરી લેવાની થાય છે.

કાર્યનોંધ તથા ઠરાવ બાબતે આપશ્રીઓની જે કોઈ રજુઆતો હોય જેનું  લીસ્ટ રજુઆતના પ્રશ્નો લીસ્ટ સ્વરૂપે આપવાથી સદર બાબતોનો વ્યવસ્થિત રીતે ઠરાવમા ઉલ્લેખ કરી શકાય. પ્રિમોન્સુન કામગીરી માટે રોજેરોજના રીપોર્ટો જોઈ અમલીકરણ  અને તે અંગેના  સુચનો કરવામા આવે  છે.કામગીરી હાલ ચાલુ છે.

સભ્યશ્રી શશીભાઈ શેઠીયાએ જણાવ્યુ કે,કેપીટલ આવકના જે તે હેડના ગ્રાન્ટ હેઠળના કામો અને સ્વભંડોળની આવક વિકાસના કામો,રેવન્યુ ઈન્કમ ,શોપીંગ સેન્ટરની આવક, શોપીંગ સેન્ટરના નામફેર અંગે ચર્ચા કરી અને જે સદર હેઠળ ગ્રાન્ટો આવતી નથી તેવા હેડો બંધ કરી દેવા અને કર્મચારીઓના પગારો, મોડા

થાય ગ્રાન્ટમાથી ખર્ચ થાય જેની વિસ્તૃત ચર્ચાની નોંધ લેવામા આવી.તેમજ સેલ ટેક્ષ,વ્યવસાય વેરા,ગુમાસ્તાધારા હેઠળના લાયસન્સો, દુકાનધારકો, બેન્ક, એલઆઈસી, ને નોટીશો કાઢી આગળની કાર્યવાહી કરવાનુ ગત બજેટની સામાન્ય સભામા કરેલ સુચનો ધ્યાનમા લઈ આગળની કાર્યવાહી કરવા જણાવ્યું.

સભ્યશ્રી પ્રવિણભાઈ ભાનુશાલીએ જણાવ્યુ કે,ઈજનેરશ્રી કેયુર રાઠોડ ધ્વારા થતા વર્તન અને રીપોટીંગ કરવામા આવે છે તે વ્યાજબી નથી.અને ૧૨૦ આવાસની નવા આયોજનો નકશાઓ, એસ્ટીમેઈટો, વિગેરે જણાવવા રજુઆતો કરી.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, જે કર્મચારીઓ ગેરકાયદેસર રીતે કે ખોટી કામગીરી / પ્રવૃત્તિઓ બાબતે તેઓ સામે
કાયદેસરની કાર્યવાહી કરવાની ખાત્રી આપવામા આવી. તેમજ સભ્યશ્રી શશીભાઈ શેઠીયાએ બજેટ બોર્ડમા કરેલ સુચનોની નોંધ લઈ એકા.શ્રીને આગળની કાર્યવાહી કરવાનુ જણાવ્યુ હતું.

ઠરાવ.:

વલસાડ નગરપાલિકાની તા.: ૨૩–૦૩–૨૦૧૭ના રોજ મળેલ સમગ્ર સભાની કાર્યનોંધ દરેક સભ્યશ્રીઓને
પહોચાડવામા આવેલ છે જે વંચાયેલી ગણી તેમા જરૂરી સુધારાઓ ,સુચનો સાથે આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૭૬ તા.૨૬/૦૪/૨૦૧૭

કામ નંબર.:૩
વિષય.: સરકારશ્રીની આવનાર ગ્રાન્ટમાંથી કામોનુ આયોજન કરવા બાબત...

—દરખાસ્ત મુકનાર.: પંકજભાઈ આહીર
—ટેકો આપનાર .: કૌશીકભાઈ માકડીયા

સરકારશ્રી ધ્વારા આવનાર ગ્રાન્ટમાથી શહેરના વિકાસના કામો હાથ ધરવા અંગે સર્વસંમતીથી વિચારણા કરી કામો લેવાનુ વિસ્તૃત ચર્ચા કરવામા આવી.સને ૨૦૧૫ ની મળેલ ગ્રાન્ટમાથી જે કામોની બચત રકમ છે તેમાથી શહેરના વિકાસના કામો કરવાની રજુઆતો કરવામા આવી.

સભ્યશ્રી શશીભાઈ શેઠીયાએ જણાવ્યુ કે, ૧૪મા નાણાપંચના આવેલ ગ્રાન્ટની રકમ સદર ગ્રાન્ટ હેડમા જમા છે કે કેમ ?

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, વિકાસના કામો ગ્રાન્ટમાથીજ થાય એવું આયોજન હાથ ધરીએ. પાણી પુરવઠાના કામો છેલ્લા આઠ વરસથી સ્વભંડોળમાથી લેવાના કારણે નગરપાલિકાને મોટુ આર્થીક બોજો વેઠવો પડે છે.ભ્રષ્ટાચાર મુકત અને પ્રમાણીત શાસન આપવાની અમારી નેમ છે.અને જે સમયે એકશન લેવાના થાય તે લેવા પડશે.વધુમા જાહેર રસ્તાઓ પર પરવાનગી વગર ગમે ત્યારે ગમે ત્યાં રસ્તાઓ ખાનગી એજન્સીઓ ધ્વારા ખોદી કાઢવામા આવે છે.ગૌરવ પથ ઉપર હેવી મશીન ધ્વારા ખોદકામ કરતા પાણીની લાઈન,ડ્રેનજ લાઈનને પણ નુકશાન થવાની શકયતાઓ પણ રહેલ છે જે ધ્યાને લઈ કામગીરી બંધ કરાવેલ છે.

વધુમા હાલ નવા બનાવેલ ડામર રસ્તાઓ પર ત્રણ વરસ સુધી કોઈપણ પ્રકારના ખોદકામ કે જુના તથા નવા કનેકશનો અંગેની પરવાનગી આપવી નહી એવો ઠરાવ કરીએ છીએ.સદર બાબતનુ ઉલ્લઘન કરનાર પાસે ડબલ ફી વસુલ કરવા અંગેની સબંધીત ઈજનેરશ્રીઓને કાર્યવાહી કરવા જણાવ્યુ.નવા બનતા બિલ્ડીગો પોતાના કનેકશનો લેવા માટે પણ રસ્તાઓને ખોદકામ કરતા હોય છે.તેઓને પણ આ સુચનાનો અમલ કરવાનો રહેશે.એમ ઠરાવ્યુ.

સભ્યશ્રી ઉજેશભાઈપટેલેજણાવ્યુ કે, વોર્ડ નં.૪ની આવશ્યક સેવાઓ જેવી કે, પાણી પુરવઠા માટે વર્ક ઓર્ડર આપી પાઈપ લાઈન નાંખવા માટેનુ કામ પણ પેન્ડીગ છે.તેમજ સદર વિસ્તારમા ગટરના કામો પણ મંજુર થયેલ છે જે શરૂ કરવામા આવેલ નથી.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, આજુ બાજુમા સ્કુલો આવેલી હોય બાળકોના આરોગ્યને ધ્યાનમા લઈ પ્રાયોરીટીમા કામો લેવુ.

સભ્યશ્રી ધર્મીનભાઈ શાહે જણાવ્યુ કે, અગાઉ મંજુર થયેલા કામો યાદી મુજબ શરૂ કરેલ છે.પરંતુ એજન્સી પાસે કામોનો વધુ ભારણના કારણે તેમજ હોળીના તહેવારોનેલઈ માણસો પુરતા ન મળવાના કારણે કામોમા વિલંબ થયેલ છે .

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, કામને પ્રાયોરીટી આપીએ.

સભ્યશ્રી ઝાકીરભાઈ પઠાણે જણાવ્યુ કે, સુધાનગરની ગટરો સાફ થયેલ નથી જેમા પાચ ફુટના કાદવના ઠર જામેલ છે જે ગટરો ચોખ્ખી થાય તેમજ છતરીયા પોલીસ હેડકવાટર વિસ્તારમા પુરતા પ્રેસરથી પાણી મળેતે માટે બુસ્ટર પંપ ચાલુ કરવા જોઈએ.તેમજ ગેરકાયદેસર નળ કનકેશનોની તપાસ થવી જોઈએ.

જી.ઈ.બી.પાસે, નગરપાલિકા વાયરમેનોની સેવા પુરી પાડે છે જેના યુનીટ દીઠ ૨ા % નગરપાલિકાએ વસુલવા જોઈએ.

ચીફ ઓફીસરશ્રીએ જણાવ્યુ કે, સરકારશ્રીમા સદર બાબત વિચારણા હેઠળ છે .નજીકના સમયમા પરીપત્ર મળશે..

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, આગામી સમયમા ગ્રાન્ટો આવનાર છે .જેથી વિકાસના કામોને પ્રાધાન્ય આપીએ.

સભ્યશ્રી પ્રવિણભાઈ ભાનુશાલીએ જણાવ્યુ કે, અબ્રામા ખાતે પમ્પીંગ સ્ટેશન બનાવવાની રજુઆતો ધ્યાને લઈ તાત્કાલીક કાર્યવાહી થવી જોઈએ.

સભ્યશ્રી રમેશભાઈ ડેનીએ જણાવ્યુ કે, નાના કામોના વર્ક ઓર્ડર આપી શરૂ કરવા જોઈએ.

સભ્યશ્રી ઉજેશભાઈ પટેલે જણાવ્યુ કે, જે વિસ્તારમા સ્ટ્રીટ લાઈટના પ્રશ્ન છે ત્યા નવા પોલ ઉભા કરવા જણાવ્યુ.

સભ્યશ્રી સોનલબેન પટેલ, સભ્યશ્રી ઉર્વશીબેન પટેલ,સભ્યશ્રી પ્રવિણભાઈ ભાનુશાલી ગયા.

ઠરાવ.:

સરકારશ્રી ધ્વારા આવનાર ગ્રાન્ટમાથી શહેરના વિકાસના કામો હાથ ધરવા અંગે સર્વસંમતીથી વિસ્તૃત – ચર્ચા – વિચારણા કરી આવનાર ગ્રાન્ટ તેમજ બચત રકમમાથી શહેરના વિકાસના કામો હાથ ધરવા પ્રમુખશ્રી,ચેરમેનશ્રી, કારોબારી સમીતી,તથા ચીફ ઓફીસરશ્રીને સત્તા સોપવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૭૭ તા.૨૬/૦૪/૨૦૧૭

કામ નંબર.:૪
વિષય.: કા.સ.ઠ.નં.૫૧૦/ તા.:૨૦–૩–૨૦૧૭ની ભલામણ મુજબ નગરપાલિકા હદ વિસ્તારમા નુકશાન પામેલ ડામરરસ્તાઓને નવીનીકરણ કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ..

ઠરાવ.: કા.સ.ઠ.નં.૫૧૦/ તા.:૨૦–૩–૨૦૧૭નીભલામણ મુજબ તા.૦૨/૦૮/૧૬ ના રોજ અતિ ભારે વરસાદના કારણે ઔરંગા નદીમાં ભારે પુર આવતા નગરપાલિકા હદ વિસ્તારમા આવે રસ્તાઓને ઘણુ નુકશાન થવા પામેલ છે. જેને કારણે શહેરીજનોને અવર જવર કરવામાં ઘણી હાલાકી થતી હોય સદરહું રસ્તાઓનું નવીનીકરણ કરવુ અત્યંત જરૂરી હોય સદર કારોબારી સમીતી ઠરાવમાં જણાવેલ વિસ્તારના ડામર રસ્તાઓ બનાવવા માટે નામદાર સરકારીની ગાઇડ લાઇન મુજબ ઓન લાઇન ટેન્ડરીગ કરી, ટેન્ડરો મંગાવી નિયમોનુસાર આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

–સ.મ.મંજુર...

# <u>જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૭૮ તા.૨૬/૦૪/૨૦૧૭</u>

<u>પ્રમુખશ્રી  તરફથી રજુ થયેલ અન્ય વધારાના કામો..</u>

વ.કા. નંબર.:૧

વિષય.: કા.સ.ઠ.નં.: ૫૦૪/તા.: ૨૦–૦૩–૨૦૧૭ની ભલામણ મુજબ જે.સી.બી.વાહન રજી.નં.: જીજે.૧૫.જી.૧૨૩૬ સર્વીસ તેમજ રીપેરીંગ કરવાના કામ બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.: ૫૦૪/તા.: ૨૦–૦૩–૨૦૧૭ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાના જાહેર બાંધકામ શાખા હસ્તક ચાલતુ વાહન  રજી.નં.: જે.સી.બી.નં.: જીજે.૧૫.જી.૧૨૩૬ને  સર્વીસ કરવાની જરૂરીયાત હોવાથી સદરહુ કામગીરીના જાણકાર એવા કવિન ઈન્ફ્રા સોલ્યુશન પ્રા.લી.કામરેજ ચાર રસ્તા ,સુરત પાસેથી સદરહુ વાહનની સર્વીસ કરાવવાની જરૂરીયાત હોય, સદર હુ એજન્સી ઘ્વારા જરૂરી પ્રતિનિધિને અત્રેની કચેરીએ મોકલતા સદરહુ વાહનની જાત તપાસ કરતા સદરહુ એજન્સીના પ્રતિનિધિને સદરહુ વાહનમા કામગીરી કરાવવા અંગેના જરૂરી કવોટેશન અત્રેની કચેરીએ રજુ કરેલ છે જેમા કવોટેશનની વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (૧) | કવોટેશન નં.: ૫૭/ તા.: ૧૭–૦૨–૨૦૧૭ | રૂા.: ૧૬,૬૧૨/–ટેક્ષ સહીત |
| (૨) | કવોટેશન નં.: ૫૮/ તા.: ૧૭–૦૨–૨૦૧૭ | રૂા.: ૩૬,૬૧૭/–ટેક્ષ સહીત |
| (૩) | કવોટેશન નં.: ૬૦/ તા.: ૧૭–૦૨–૨૦૧૭ | રૂા.: ૩,૧૭૪/–ટેક્ષ સહીત |

ઉપરોકત આવેલ કવોટેશનની થતી કુલ રકમ રૂા.: ૫૬,૪૦૩–પુરાનો ખર્ચ મંજુર કરી સદરહુ કામગીરી તાત્કાલીક કરવાની જરૂરીયાત હોય, સદરહુ કવિન ઈન્ફ્રા સોલ્યુશન પ્રા.લી.કામરેજ ચાર રસ્તા, સુરતનુ આવેલ કવોટેશન મંજુર કરી સદરહુ એન્જસી પાસેથી કામગીરી કરાવવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૭૯ તા.૨૬/૦૪/૨૦૧૭

વ.કા. નંબર.:૨

વિષય.: કા.સ.ઠ.નં.: ૨૯૫ / તા.: ૪–૧–૨૦૧૭,વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.૫, શાપુરનગર, ખાનદેશીમહોલ્લા વાળા વિસ્તારમા આરસીસી બોક્ષ કલ્વર્ટ બનાવવાની જરૂરીયાત હોય, સદરહુ કામનો આવેલ એસ્ટીમેઈટ રૂા.: ૧૨૬૪૦૦–મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.: ૨૯૫ / તા.: ૪–૧–૨૦૧૭ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.૫, શાપુરનગર, ખાનદેશી મહોલ્લાવાળા વિસ્તારમા વરસાદી પાણીના નિકાલ માટે વરસાદી ગટર બનાવવામા આવેલ.સદરહું જગ્યાએ
આરસીસી બોક્ષ કલ્વર્ટ બનાવવાની જરૂરીયાત હોય, સદરહુ કામનો આવેલ એસ્ટીમેઈટ રૂા.: ૧૨૬૪૦૦–અંકે રૂપિયા એક લાખ છવ્વીસ હજાર ચારસો પુરા મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૮૦ તા.૨૬/૦૪/૨૦૧૭

વ.કા. નંબર.:૩

વિષય.: ડ્રેનેજ કમીટી ઠરાવ નંબર.: ૧૭ / તા.: ૨૦–૦૪–૨૦૧૭થી ઠરાવ્યા મુજબ પરીતોષીતભાઈ થી માણીભાઈના ઘર સુધી પ્રમુખ શીવાલય વિસ્તાર, અબ્રામા, વિસ્તારમા ૧૫૮ મીટર લંબાઈની ૧૨" ડાયાની ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરી અંગેનો અંદાજીત ખર્ચ રૂા.:૨૫૪૧૭૦–મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

સ.ઠ.થી ઠરાવ્યા મુજબ ઈજનેરશ્રી ડ્રેનેજ શાખા તથા ચીફ ઓફીસરશ્રીના રીપોર્ટ વંચાણે લીધો તેમા જણાવ્યા મુજબ

વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમા પરીતોષીતભાઈ થી માણીભાઈના ઘર સુધી પ્રમુખ શીવાલય વિસ્તાર, અબ્રામામા હાલે ડ્રેનેજ લાઈનની સુવિધા ઉપલબ્ધ નથી જે સંદર્ભે સ્થળ તપાસ કરતા સદર વિસ્તારમા નવી લાઈન નાંખી ત્યાના રહીશોને ડ્રેનેજ લાઈનની સુવિધા આપી શકાય એમ છે.જેથી પ્રમુખશ્રી જોડે ચર્ચા કરતા નવી લાઈન નાંખવાનો હુકમ મળેલ છે.સદર વિસ્તારમા ૧૫૮ મીટર લંબાઈની ૧૨" ડાયાની ડ્રેનેજ લાઈન નાંખવાની જરૂરીયાત છે .સને ૨૦૧૬–૧૭ના ડ્રે.ક.ઠ.નં.: ૪/તા.: ૧૬–૯–૨૦૧૬થી મંજુર થયેલ ભાવ મુજબ અંદાજીત ખર્ચ રૂા.: ૨૫૪૧૭૦–અંકે રૂપિયા બે લાખ ચોપ્પન હજાર એક સો સીત્તેર પુરા મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

# <u>જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૮૧ તા.૨૬/૦૪/૨૦૧૭</u>

વ.કા. નંબર.:૪
વિષય.: અબ્રામા ધરમપુર રોડ,એસ.ટી.વર્કશોપ સામેના વિસ્તારમા આવેલ પ્રમુખ શિવાલય રેસીડન્સીમા સ્ટ્રીટ લાઈટની
સુવિધા આપવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.: ૫૦૦/ તા.: ૯–૩–૨૦૧૭ની ભલામણ મુજબ અબ્રામાના ધરમપુર રોડ,એસ.ટી.વર્કશોપ સામેના વિસ્તારમા આવેલ પ્રમુખ શિવાલય રેસીડન્સી સોસાયટીના રહીશોએ તેમની સોસાયટીના રસ્તાઓ નગરપાલિકાને સુપરત કરેલ છે અને સાથે સ્ટ્રીટ લાઈટની સુવિધા આપવા નગરપાલિકાને તા.: ૩૦–૧૨–૨૦૧૫ના રોજ અરજી પણ આપેલ છે.
અબ્રામા ઝોન કચેરી તરફથી તા.: ૨૯–૦૩–૨૦૧૬ના રોજ આપશ્રીને રીપોર્ટ કરવામા આવેલ છે.પ્રમુખ શિવાલય રેસીડન્સી સોસાયટીમા સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે અબ્રામા ઝોનના વાયરમેનો પાસે સરવે કરાવતા તેમના રીપોર્ટ મુજબ આ માટે નવા ફીટીગ્સ, કલેમ્સ,પાઈપ,વાયર,ટાઈમર સ્વીચ,તથા નવુ થ્રી ફેઝ મીટર નાંખવા વિગેરે મળીને
અંદાજે રૂા.:૩,૨૨,૫૦૦–નો ખર્ચ થાય તેમ છે.સોસાયટીવાળા કુલ ખર્ચના ૩૦% જેટલો લોકફાળો ભરવા તૈયાર છે જે વિદિત થતા તેમને રૂા.:૯૭,૦૦૦–નો ફાળો ભરવાપાત્ર લખવાની મંજુરી આપવા તથા સ્ટ્રીટ લાઈટ સુવિધા આપવા વાર્ષીક કરારથી નકકી થયેલ ભાવે જરૂરી માલસામાન લાઈટશાખા મારફત ખરીદી આપવા તેમજ સદરહુ કામગીરી લોકભાગીદારી યોજના
મા કાર્યવાહી કરવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

મંજુર..

# <u>જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૮૨ તા.૨૬/૦૪/૨૦૧૭</u>

વ.કા. નંબર.:૫

વિષય.: અબ્રામા સોનાસરીતા વિસ્તારમા આવેલ શાંતીનગરમા સ્ટ્રીટ લાઈટની સુવિધા આપવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.: ૫૦૧ / તા.: ૯–૩–૨૦૧૭ની ભલામણ મુજબ અબ્રામાના સોનાસરીતા વિસ્તારમા આવેલ શાંતીનગર સોસાયટીના રહીશોએ તેમની સોસાયટીના રસ્તાઓ નગરપાલિકાને સુપરત કરેલ છે અને સાથે સ્ટ્રીટ લાઈટની
સુવિધા આપવા નગરપાલિકાને તા.: ૫–૨–૨૦૧૬ના રોજ અરજી પણ આપેલ છે.અબ્રામા ઝોન કચેરી તરફથી તા.: ૧–૪
–૨૦૧૬ના રોજ આપશ્રીને રીપોર્ટ કરવામા આવેલ છે. શાંતીનગરમા સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે અબ્રામા ઝોનના વાયરમેનો પાસે સરવે કરાવતા તેમના રીપોર્ટ મુજબ આ માટે નવા ફીટીગ્સ, કલેમ્સ,પાઈપ,વાયર, ટાઈમર સ્વીચ,તથા નવુ થ્રી ફેઝ મીટર નાંખવા વિગેરે મળીને અંદાજે રૂા.: ૧,૨૦,૭૨૦–નો ખર્ચ થાય તેમ છે.સોસાયટીવાળા કુલ ખર્ચના ૩૦% જેટલો લોકફાળો ભરવા તૈયાર છે જે વિદિત થતા તેમને રૂા.: ૩૭,૦૦૦–નો ફાળો ભરવાપાત્ર લખવાની મંજુરી આપવા તથા સ્ટ્રીટ લાઈટ સુવિધા આપવા વાર્ષીક કરારથી નકકી થયેલ ભાવે જરૂરી માલસામાન લાઈટશાખા મારફત ખરીદી આપવા તેમજ સદરહુ કામગીરી લોકભાગીદારી યોજનામા કાર્યવાહી કરવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

મંજુર..

# <u>જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૮૩ તા.૨૬/૦૪/૨૦૧૭</u>

વ.કા. નંબર.:૬
વિષય.: નવા રસ્તાઓ ઉપર ખોદકામ કરવા અંગેની પરવાનગી ન આપવા બાબત..

—પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

ચર્ચા – વિચારણાના અંતે નકકી કરવામા આવ્યુ કે, શહેરી વિસ્તારમા આવેલ રસ્તાઓ પર પરવાનગી વગર ગેરકાયદેસર રીતે રસ્તાઓના ખોદકામ કરવાથી નગરપાલિકાને આર્થીક નુકશાન તેમજ જાહેર જનતાને અવર કરવામા ધણી અગવડતાઓ પડે છે.આવા સંજોગોમા જી.ઈ.બી.,ટેલીફોન કંપનીઓ,ગુજરાત ગેસ,વિગેરે કંપનીઓ તથા બીલ્ડીગ બનાવનાર કોન્ટ્રાકટરો,મકાન માલીક વિગેરે ઘ્વારા નળ કનેકશન, ડ્રેનેજ કનેકશન લેનારા વિગેરે પાસેથી ડબલ ચાર્જ વસુલ કરવો તેમજ નવા બનાવેલ રસ્તાઓ પર ત્રણ (૩) વરસ સુધી કોઈપણ પ્રકારની ખોદકામ થાય તેવી કામગીરી માટે પરવાનગીઓ આપવી નહી જે બાબતની સબંધીત ઈજનેરશ્રીને ચુસ્તપણે અમલ કરવાનુ ઠરાવવામા આવ્યું. જો વગર પરવાનગીથી જાણ બહાર અથવા રાત્રે ઉપરોકત જણાવ્યા મુજબની કોઈપણ કામગીરી કરેલ માલુમ પડશે અથવા કરવામા આવશે તો મુળ રસ્તાના રકમથી ડબલ ચાર્જીસ વસુલાત કરવાનું જાહેર જનતાના હિતમાં અમલ કરવાનું ઠરાવવામાં આવે છે.

—મંજુર.

# <u>જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૮૪ તા.૨૬/૦૪/૨૦૧૭</u>

વ.કા.નંબર.:૭
વિષય.: કલ્યાણ બાગ પાસે સર્કલ બનાવવા બાબત..

—પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

કલ્યાણ બાગ પાસે આવેલા મોરારજી દેસાઈ ટ્રાફીક સર્કલ તોડી પાડવાથી શહેરી તેમજ જીલ્લાભરમાથી જુદી જુદી સેવાભાવી સંસ્થાઓ,તેમજ માજી ધારાસભ્યશ્રી દોલતભાઈ દેસાઈએ મુખ્યમંત્રી અને વડાપ્રધાનશ્રીને રજુઆત કરી .કલ્યાણ બાગ પાસે નવુ સર્કલ બનાવી ભારત રત્ન મોરારજી દેસાઈની પ્રતિમા પ્રસ્થાપિત કરવાની માંગ કરી હતી જે સબંધે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ધ્વારા ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગરને આગામી કાર્યવાહી અર્થે રજુ કરી પ્રતિમા માટે સરકારશ્રીની ગ્રાન્ટમાથી જોગવાઈ કરવાની કાર્યવાહી થતા .ઉપસ્થિત સભ્યશ્રીઓએ
સહમતી દર્શાવતાં સદર કામ કરવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

—મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૮૫ તા.૨૬/૦૪/૨૦૧૭

વ.કા.નંબર.:૮

વિષય.: :**૧૪માં નાણાપંચ ની જોગવાઈ મુજબ મળેલ ગ્રાંટ માંથી કામો કરવા બાબત...**

—પ્રમુખ સ્થાનેથી રજુ..

ઠરાવ.

**નામદાર ગુજરાત સરકારશ્રી ના ૧૪માં નાણાપંચ ની જોગવાઈ મુજબ મળેલ ગ્રાંટ-ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડનાં હુકમ ક્રમાંક નંબર-મફબ/યુ-૨/૧૪મું નાણાપંચ પ્રથમ હપ્તો/૨૦૧૫-૧૬ તા.૩૦/૦૯/૨૦૧૫ થી મળેલ ગ્રાંટ રૂ.!૨૧૨.૪૨ લાખ માંથી નીચે જણાવેલ વિગતો એ અગ્રતાના ધોરણે** જનરલ બોર્ડની મંજુરતની અપેક્ષાએ કરાવેલ જેને બહાલી આપવાનુ મંજુર **કરવાનું ઠરાવવામાં આવે છે.**

| અનુ. નં. | શાખાનું નામ | કામની વિગત | અંદાજીત રકમ રૂ.! |
|---|---|---|---|
| ૧. | વારીગૃહશાખા | સાઉથ અબ્રામાં માટે પીવાના પાણીની ડીસ્ટ્રીબ્યુશન પાઈપ લાઈન નાખવાનું કામ | ૩૦,૨૪,૨૯૭-/ |
| ૨. | વારીગૃહશાખા | અબ્રામાં હેડવર્કસ થી વાલીયા અંદર ગ્રાઉન્ડ સંપ સુધી તથા ખોડીયાર હોટલથી ધરમપુર રોડ ચાર રસ્તા સુધી ૪૫૦ એમ.એમ .ડાયાની ડી.આઈ.કે-૯ પીવાના પાણીની રાઈઝીગ મેઈન લાઈન નાખવા | ૨૬,૫૪,૬૬૦-/ |
| ૩. | ડ્રેનેજ શાખા | સરકારી ગોડાઉન,માસ્તર રોડ,મધુવન સોસાયટી પાસે નવી ડ્રેનેજ લાઈન નાખવાનું કામ | ૧૦૭૪૭૭-/ |
| ૪. | ડ્રેનેજ શાખા | વલસાડ પારડી,કોચર ફળીયામાં નવી ડ્રેનેજ લાઈન નાખવાનું કામ | ૨,૨૪,૫૯૦-/ |
| ૫. | ડ્રેનેજ શાખા | વલસાડ પારડી,સરકારી શાળા પાસેના વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઈન નાખવાનું કામ | ૧,૪૬,૮૧૪-/ |
| ૬. | ડ્રેનેજ શાખા | જુની શેમા ચલ,સુગર ફળીયા સામેનો વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઈન નાખવાનું કામ | ૫૪,૫૪૮-/ |
| ૭. | ડ્રેનેજ શાખા | બંદર રોડ,માજી સભ્યશ્રી સંજયભાઈના ઘર પાસે નવી ડ્રેનેજ લાઈન નાખવાનું કામ | ૭૬,૭૦૦-/ |
| ૮. | ડ્રેનેજ શાખા | મોગરાવાડી રેલ્વે બ્રીજ વિસ્તાર પાસે નવી ડ્રેનેજ લાઈન નાખવાનું કામ | ૪૯,૬૧૨-/ |
| ૯. | ડ્રેનેજ શાખા | વાવડી છીપવાડ વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઈન નાખવાનું કામ | ૬૭,૮૮૩-/ |
| ૧૦. | ડ્રેનેજ શાખા | ગવર્મેન્ટ કોલોનીમાં સરકારી ટોઇલેટ ના ડ્રેનેજ કનેકશન કરવાની કામગીરી | ૫૨,૩૪૪-/ |
| ૧૧. | બાંધકામ શાખા | હનુમાનજી મંદિરથી રાજ એપાર્ટમેન્ટ,પોલીસ હેડકવાર્ટર રોડ,વરસાદી પાણી નીકાલની ગટરનું કામ | ૨,૦૭,૦૧૪-/ |
| ૧૨. | બાંધકામ શાખા | સુકીતલાવાડી,પ્રાથમીક શાળા પાસે વરસાદી પાણી નીકાલની ગટરનું કામ | ૨૯,૭૫૭-/ |
| ૧૩. | બાંધકામ શાખા | વોર્ડ નં ૯ માં સોનીયા પેલેસથી ચીસ્થીયા સુધી વરસાદી પાણી નીકાલની ગટરનું કામ | ૧,૬૦,૩૨૦-/ |

| | | | |
|---|---|---|---|
| ૧૪. | બાંધકામ શાખા | જીલ્લા પંચાયત કોલોની બાયપાસ રોડ વિસ્તારમાં વરસાદી પાણી નીકાલની ગટરનું કામ | ૫૯,૯૫૦-/ |
| ૧૫. | બાંધકામ શાખા | ગાયત્રી મંદિર,વોર્ડ નં.પ વિસ્તારમાં વરસાદી પાણી નીકાલની ગટરનું કામ | ૩૮,૪૧૫-/ |
| ૧૬. | બાંધકામ શાખા | જીલ્લા પંચાયત કોલોની,તીથલ રોડ માટે વરસાદી પાણી નીકાલની ગટરનું કામ | ૪,૮૩,૨૨૪-/ |
| ૧૭. | બાંધકામ શાખા | વોર્ડ નં.૧૦ ,અભીલાષા એપાર્ટમેન્ટ પાસે વરસાદી પાણી નીકાલની ગટરનું કામ | ૨,૧૨,૮૯૩-/ |
| ૧૮. | બાંધકામ શાખા | વોર્ડ નં.૧૪ ,અંબર રેસીડેન્સીના કંપાઉન્ડના કોર્નરથી જગદીશભાઈ રામુભાઈના ઘર સુધી વરસાદી પાણી નીકાલની ગટરનું કામ | ૨,૮૦,૨૧૮-/ |
| ૧૯. | બાંધકામ શાખા | નવી નગર સેવા સદન પાસે વરસાદી પાણી નીકાલની ગટરનું કામ....... | ૧,૬૮,૯૧૨-/ |
| ૨૦. | સ્ટ્રીટ લાઈટ | સ્ટ્રીટલાઈટ ખરીદી બીલ નંબર.:૫૦૦ /૩–૧–૨૦૧૭ | `૪,૨૧,૯૦૦-/ |
| ૨૧. | સ્ટ્રીટ લાઈટ | સ્ટ્રીટલાઈટ ખરીદી બીલ નંબર.:૫૦૪ /૩–૧–૨૦૧૭ | ૪,૨૧,૯૦૦-/ |
| ૨૨. | સ્ટ્રીટ લાઈટ | સ્ટ્રીટલાઈટ ખરીદી બીલ નંબર.:૫૦૧ /૩–૧–૨૦૧૭ | ૪,૨૧,૯૦૦-/ |
| ૨૩. | સ્ટ્રીટ લાઈટ | સ્ટ્રીટલાઈટ ખરીદી બીલ નંબર.:૩૫૬ /૧૯–૧૦–૨૦૧૬ | ૩,૩૯,૪૦૦-/ |
| ૨૪. | સ્ટ્રીટ લાઈટ | સ્ટ્રીટલાઈટ ખરીદી બીલ નંબર.:૧૫૦ /૨૦–૬–૨૦૧૫ | ૬,૧૬,૪૦૦-/ |
| ૨૫. | સ્ટ્રીટ લાઈટ | સ્ટ્રીટલાઈટ ખરીદી બીલ નંબર.:૨૨૬ / ૭–૯–૨૦૧૬ | ૪,૪૪,૦૦૦-/ |
| ૨૬. | સ્ટ્રીટ લાઈટ | સ્ટ્રીટલાઈટ ખરીદી બીલ નંબર.:૬૭૮ /૧૪–૩–૨૦૧૬ | ૬,૨૫,૦૦૦-/ |
| ૨૭. | સ્ટ્રીટ લાઈટ | સ્ટ્રીટલાઈટ ખરીદી બીલ નંબર.:૪૯૬ / ૨૩–૧૧–૨૦૧૫ | ૩,૭૨,૦૦૦-/ |
| ૨૮. | સ્ટ્રીટ લાઈટ | સ્ટ્રીટલાઈટ ખરીદી બીલ નંબર.:૬૭૯ /૧૪–૩–૨૦૧૬ | 5,3૬,૦૦૦-/ |
| ૨૯. | સ્ટ્રીટ લાઈટ | સ્ટ્રીટલાઈટ ખરીદી બીલ નંબર.:૧૩૧ /૧૮–૬–૨૦૧૬ | ૩,૪૯,૫૦૦-/ |
| ૩૦ | સ્ટ્રીટ લાઈટ | સ્ટ્રીટ લાઈટ ખરીદી બીલ નંબર.:૪૭૩/ તા.:૨૦–૧૨–૨૦૧૬ | ૪,૦૬,૮૯૦/– |
| કુલ... | | | 1,30,54,518-/ |

–મંજુર..

# <u>જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૮૬ તા.૨૬/૦૪/૨૦૧૭</u>

વ.કા.નંબર.: ૯

વિષય.: વલસાડ નગરપાલિકા સંચાલીત વારીગૃહ શાખા ધ્વારા ટ્રાન્સફોર્મર રીપેરકામ માટે '' અક્ષર ટ્રાન્સફોર્મર – સચીન –તરફથી કવોટેશન અત્રેની કચેરીએ આવક નંબર.: ૭૫૮૭/તા.:૨–૩–૨૦૧૭ થી રૂા.: ૯૫,૧૮૬/– રજુ થયેલ જે મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ..

ઠરાવ.:

કા.સ.ઠ.નં.: ૪૯૩/તા.: ૯–૩–૨૦૧૭ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા સંચાલીત વારીગૃહ શાખા ધ્વારા શહેરીજનોને દિવસના ૨(બે) સમય પીવાના પાણીનો સપ્લાય આપવામા આવે છે. વલસાડ નગરપાલિકા સંચાલીત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઔરંગા નદી કિનારે બનાવવામા આવેલ છે.સદર પ્લાન્ટ ૨૪ કલાક કાર્યરત રહે છે.સદર પ્લાન્ટ ચલાવવા માટે ડી.જી.વી.સી.એલ.તરફથી આપવામા આવતા વીજ પુરવઠાને ટ્રાન્સફોર્મરનો ઉપયોગ કરવામા આવે છે. તા.:૨૩–૨ –૨૦૧૭ના રાત્રીના સમયે એકાએક ઈલેકટ્રીક ફોલ્ટ આવતા ટ્રાન્સફોર્મર બંધ પડેલ છે અને પ્લાન્ટ બંધ થયેલ.સદર સમસ્યાનુ નિવારણ લાવવા ડી.જી.વી.સી.એલ.ના ટેકનીશીયનને બોલાવી જરૂરી તપાસ કરાવેલ તેમા ટ્રાન્સફોર્મરમા ઈલેકટ્રીક ફોલ્ટ આવતા કોઈલ  ડેમેજ થયેલ એમ જાણવા મળેલ .સદર પરિસ્થિતિ ઈમરજન્સી હોવાથી ટ્રાન્સફોર્મરના રીપેરર એજન્સીની તપાસ કરેલ.

સદર ટ્રાન્સફોર્મર રીપેર કરવા માટે સુરત ખાતે '' અક્ષર ટ્રાન્સફોર્મર –સચીન નો સંપર્ક કરેલ. સદર એજન્સીના ટેકનીશીયનને બોલાવી તપાસી કરાવતા સદર ટ્રાન્સફોર્મર વર્કશોપ પર લઈ જઈ રીવાઈન્ડીંગ, ઓઈલ ફીલ્ટ્રેશન તેમજ જરૂરી રીપેરકામ કરાવાની જરૂરીયાત છે.સદર કામગીરી કરવા માટે તેઓશ્રી ધ્વારા પ્લાન્ટ ચલાવવા માટે સર્વીસ ટ્રાન્સફોર્મર આપવામા આવેલ છે અને હાલે પ્લાન્ટ ચાલુ છે.સદર બંધ પડેલ ટ્રાન્સફોર્મર રીપેરકામ માટે'' અક્ષર ટ્રાન્સફોર્મર –સચીન તરફથી કવોટેશન અત્રેની કચેરીએ આવક નંબર.: ૭૫૮૭ / તા.: ૨–૩–૨૦૧૭થી રૂા.: ૯૫,૧૮૬– રજુ થયેલ છે.સદર એજન્સીના કવોટેશન મંજુર કરી નિયમોનુસાર કાર્યવાહી કરી વર્કઓર્ડર આપી કામગીરી કરાવવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

<u>જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૮૭ તા.૨૬/૦૪/૨૦૧૭</u>

વ.કા.નંબર.૧૦.:
વિષય.: મ્યુનિસીપલ એકાઉન્ટ ઓફીસરની કરાર આધારીત નિમણુક બાબત..

—પ્રમુખ સ્થાનેથી રજુ..

ઠરાવ.:

એકાઉન્ટન્ટશ્રી ભાર્ગવીબેન પટેલને તદ્દન હંગામી ધોરણે કામ કરતા કર્મચારી તરીકે નિમણુંક આપેલ હતી. તેઓશ્રી નેગેટીવ એપ્રોચ રાખી એકાઉન્ટન્ટ તરીકેની ફરજ બજાવવામાં પાછળ પડયા છે. એમની નૈતિક જવાબદારી સ્થાનિક સ્વરાજની સંસ્થામાં નગરપાલિકાની આર્થિક પરીસ્થિતીને ઘ્યાનમાં લઈ, અગત્યની પાયાની કામગીરી ના ભાગ રૂપે આયોજન કરી કોઈપણ પ્રકારની ગુંચવણો કે સમસ્યાઓ ન ઉદભવે એ પ્રકારની કામગીરી કરવાની થતી હોય છે. અને એમણે મેટરનીટી લીવ પર હતા ત્યારે એમની કરારની મુદત પૂર્ણ થયેલ હોય, તેમ છતાં મેટરનીટી લીવની પાંચ માસની પગારની રકમ કોઈપણ જાતના ઠરાવ કર્યા વગર એમના એકાઉન્ટ ખાતામાં જમા લીધેલ છે. ઈ.પી.એફ. તેમજ સર્વિસટેક્ષ અંગે નગરપાલિકાની કોઈપણ જાતની જવાબદારી વગર તેઓએ ૩૧—લાખ જેટલી માતબર રકમ અગાઉથી ચુકવી દઈ નગરપાલિકાને નુકશાન કરેલ છે. તેમજ ૨૧—માસ સુધી લાઈટના નાના નાના બીલો પોતાના ડીપાર્ટમેન્ટમાં દબાવી રાખી, ૧૫૦ વર્ષ જુની નગરપાલિકાની શાખને ધકકો પહોંચાડયો હતો. નગરપાલિકાના કર્મચારી હોવા છતાં પોતાના વિભાગની માહીતીઓ કે રેકર્ડ કોઈપણ બાબતની ચીફ ઓફીસરશ્રીની પૂર્વમંજુરી કે ચર્ચા વિના સીધેસીધા દૈનિક પેપરોમાં રજુ થતાં નગરપાલિકાની શાખને ધકકો લગાડેલ છે. દરેક એજન્સી કોન્ટ્રાકટરો જોડે એમનું વર્તન અશોભનીય ઉતરતી ભાષામાં બોલી ન છાજતી વર્તણુંક કરી રહેલ છે. સ્થાનિક સ્વરાજની સંસ્થામાં રોજબરોજની સેવા સાથે સંકળાયેલા પ્રજાના પ્રતિનિધિ ચુંટાયેલા સભ્યો સાથે પણ આવુંજ વર્તન રાખે છે. આવા સંજોગોમાં તેમની નકારાત્મક વલણને લીધે નગરપાલિકાની વહીવટી કામગીરીમાં ઘણાજ અવરોધો ઉભા થાય છે. જેથી આજની આ મળેલ સામાન્ય સભામાં સર્વાનુમતે સંસ્થાના હિત ખાતર સર્વસંમતીથી એમને જવાબદારી ન સોંપવાનું ઠરાવવામાં આવે છે.

—મંજુર..

<u>જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૮૮ તા.૨૬/૦૪/૨૦૧૭</u>

વ.કા.ન.: ૧૧
વિષય.: વલસાડ નગરપાલિકા સંચાલીત મ્યુનિસિપલ હોસ્પીટલ બીલ્ડીગમા ઈન્ટીરીયર વર્કની કામગીરી કરવા બાબત..

—પ્રમુખ સ્થાનેથી રજુ..

ઠરાવ.:

વલસાડ નગરપાલિકા સંચાલીત મ્યુનિસિપલ હોસ્પીટલ બીલ્ડીગ (ચેરીટી ફંડ)નું બાંધકામ કરવાના કામનું ટેન્ડર કા.સ.ઠ.નં.: ૩૮૦/તા.: ૧૧—૧૨—૨૦૧૫થી સી.આર.પી.ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી.સુરતનું મંજુર કરવામા આવેલ છે.સદરહુ ઠેકેદારશ્રીને તા.:૧૬—૧૨—૨૦૧૫થી મંજુર કરવામા આવેલ કામનો વર્કઓર્ડર આપવામા આવેલ છે તે મુજબ ઠેકેદારશ્રી ધ્વારા ઉપરોકત કામગીરી પુર્ણ થયેલ છે અને ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી ધ્વારા સદરહુ મ્યુનિસિપલ હોસ્પીટલને લોકાર્પણ કરવાની કામગીરી હાથ ધરવામા આવનાર છે.સદરહુ હોસ્પીટલના બાંધકામમા ઈન્ટીરીયલ વર્ક કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે.મ્યુનિસિપલ હોસ્પીટલમા બેડ, ર્ડાકટર લોકર, મેડીસીન કેબીનેટ,ર્ડાકટર ચેર,આઈ.સી.સી.યુ.બેડ, સોફાસેટ, રીસેપ્શન કાઉન્ટર,એકઝામીનેશન કોચ સ્લોટેડ સ્ટોરેજ,રેક સ્ટ્રેચર ટ્રોલી,વીલચેર ફોલ્ડીંગ વિગેરે જેવી હોસ્પીટલમા ઉપયોગી વસ્તુઓની વધારાની કામગીરી કરવાની જરૂરીયાત જણાતી હોય.સદરહુ કામનો કુલ વધારાનો એસ્ટીમેઈટની અંદાજીત રકમ રૂા.: ૮૯,૩૦,૮૫૮—પુરાનો એસ્ટીમેઈટ આવેલ છે.ઉપરોકત સાધનોની ખરીદી કરવા માટે ટેન્ડર કરવામા આવે તો યોગ્ય ગુણવત્તા અને કિંમતની સરખામણી થઈ શકે નહી.તેથી હોસ્પીટલની જરૂરીયાત મુજબ યોગ્ય ગુણવત્તાવાળી વસ્તુઓ ર્ડાકટરશ્રીને સાથે રાખીને ખરીદવી યોગ્ય જણાય છે .આ ઉપરાંત સદરહુ કામગીરી તાત્કાલીક કરવી જરૂરી હોય.સદરહુ હોસ્પીટલને ટુકા સમયગાળામા લોકાર્પણ કરવાની કામગીરી હાથ ધરવામા આવનાર હોય,સદરહુ કામના નિયત કરવામા આવેલ ટેન્ડરની શરત નં.૧૪.૨ મા જણાવ્યા મુજબ એજન્સી પાસેથી ૩૦%ની મર્યાદામા ટેન્ડરની તેમજ ટેન્ડર સિવાયની વધારાની કામગીરી સદરહુ એજન્સી પાસેથી કરાવી શકાય એમ હોય.ગુજરાત મ્યુનિસિપાલીટીની એકની કલમ—૬૭(૩)હેઠળ સદરહુ એજન્સી પાસેથી કામગીરી કરવાની લેખીત સંમતી મેળવીને કામગીરી કરાવવા તેમજ આવેલ એસ્ટીમેઈટની રકમ મંજુર કરી ઠેકેદારશ્રી સી.આર.પી.ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી.સુરત પાસેથી સદરહુ કામગીરી કરાવવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

—મંજુર..

<u>જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૮૯ તા.૨૬/૦૪/૨૦૧૭</u>

વ.કા.ન.: ૧૨

વિષય .: કા.સ.ઠ.નં. – ૪૮૯/ તા.:૦૯ –૦૩ –૨૦૧૭ ની ભલામણ મુજબ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અન્વયે થનાર ખર્ચમાં મહાનગરપાલિકા/ નગરપાલિકાના હિસ્સાની ચુકવણી બાબતે સંમતિ આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ..

ઠરાવ.:

કા.સ.ઠ.નં. – ૪૮૯/ તા.:૦૯ –૦૩ –૨૦૧૭ ની ભલામણ મુજબ, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ભારત સરકારે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતિ નિમિત્તે રાજયના શહેરી વિસ્તારોને ૨જી. ઓકટોબર –૨૦૧૯ સુધીમાં હરીયાળા અને સ્વચ્છ બનાવવા માટે સ્વચ્છ ભારત મિશનની રચના કરેલ છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત રાજયની તમામ નગરપાલિકાઓમાં ધન કચરાના નિકાલ માટે એકત્રીકરણ , પરીવહન, ટ્રીટમેન્ટ અને નિકાલની વ્યવસ્થાને સુદઢ કરી રાજયના તમામ શહેરોને ઝીરો સીટી બનાવવાનો નિર્ધાર કરેલ છે. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત ભારત સરકાર ધ્વારા પરકેપીટા રૂા. ૧૨૦૦/– લેખે પ્રોજેકટ કોસ્ટ નકકી કરેલ છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ભારત સરકારે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના ઘટક માટે મિશન પીરીયડ દરમ્યાન કુલ રૂા. ૫૩૬.૨૨ કરોડની ફાળવણી કરેલ છે. આપણી નગરપાલિકા ધ્વારા રજુ કરેલ વિગતોના આધારે એપેક્ષ / હાઈ પાવર કમીટીની મંજુરી મેળવેલ છે અને આ એપેક્ષ / હાઈ પાવર કમીટીએ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટે નીચે મુજબ સહાયના ધોરણે નકકી કરેલ છે.

| ક્રમ | મહા ન.પા / ન.પાની વિગત | ભારત સરકારની સહાય | રાજય સરકારનો ફાળો | મહા.ન.પા / ન.પા.નો ફાળો |
|---|---|---|---|---|
| ૧ | ૧૬૨ નગરપાલિકા | ૩૫% | ૫૫% | ૧૦% |
| ૨ | ૪ મોટી મહા નગરપાલિકા( અમદાવાદ,સુરત,વડોદરા, રાજકોટ ) | ૩૫% | ૨૫% | ૪૦% |
| ૩ | ૪ નાની મહા.ન.પાલિકા | ૩૫% | ૩૫% | ૩૦% |

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત ભારત સરકર ધ્વારા પર કેપીટા રૂા.૧૨૦૦/– લેખે પ્રોજેકટ કોસ્ટ નકકી કરેલ છે આ ઉપરાંત થનાર ખર્ચ નગરપાલિકાએ ભોગવવાનો રહેશે એવુ નકકી કરેલ છે રાજય સરકાર ધ્વારા આ અંગેનું ટેન્ડર બહાર પાડનાર છે. ઉપરોકત જણાવ્યા મુજબ આપણી નગરપાલિકા નામ સામે જણાવેલ ફાળાની રકમ જમા કરવાની સંમતી આપવાનું ઠરાવવામાં આવે છે.

–મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૯૦ તા.૨૬/૦૪/૨૦૧૭

વ.કા. નં.: ૧૩ .

વિષય.: કા.સ.ઠ.નં. –૪૭૧/ તા.:૦૯ –૦૩ –૨૦૧૭ તથા ક.ઠ.નં.૩૪ / તા.:૭– ૨–૨૦૧૭ ની ભલામણ મુજબ, માસ્તર રોડ ( જીતુભાઈના ઘરથી મેઈન લાઈન સુધી ) છીપવાડ, ખાતે ડ્રેનેજ લાઈન નાંખવા અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૧,૨૪,૫૧૫/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ..

ઠરાવ.:

કા.સ.ઠ.નં. –૪૭૧/ તા.:૦૯ –૦૩ –૨૦૧૭ તથા ડ્રે.ક.ઠ.નં.૩૪ / તા.:૭– ૨–૨૦૧૭ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર માસ્તર રોડ ( જીતુભાઈના ઘરથી મેઈન લાઈન સુધી ) છીપવાડમાં વારંવાર ડ્રેનેજ લાઈન ઉભરાવવાની ફરીયાદ રહે છે. જેથી સદર વિસ્તારમાં રાહદારીઓને ઘણી તકલીફ પડે છે. સદર ગંભીર પરીસ્થિતી બાબતે સ્થળ તપાસ કરતા સદર લાઈનમાં ભંગાણ પડેલ છે. તેટલા ભાગે નવી લાઈન નાંખવાની જરૂરીયાત હોય, સદર લાઈન લોકહીતમાં તાત્કાલીક નાખી સમસ્યાનું નીવારણ લાવવાની જરૂરીયાત હોય. સદર વિસ્તારમાં ૮૦ (એસી) મીટર લંબાઈની ૧૨" ડાયાની લાઈન નાખવાની જરૂરીયાત હોય. સદર લાઈન નાંખવા અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૧,૨૪,૫૧૫/– અંકે રૂા. એક લાખ, ચોવીસ હજાર, પાંચસો પુરા મંજુર કરી, સદરહું કામગીરી ૧૪માં નાણાંપંચ ગ્રાંટમાંથી કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

– મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૯૧ તા.૨૬/૦૪/૨૦૧૭

વ.કા. નં.: ૧૪ .

વિષય.: કા.સ.ઠ.નં. –૪૭૨ / તા.:૦૯ –૦૩–૨૦૧૭ તથા ડ્રે.ક.ઠ.નં.૩૫ / તા.:૭– ૨–૨૦૧૭ ની ભલામણ મુજબ,ગર્વમેન્ટ કોલોની પંપીગ સ્ટેશન, સહયોગ નગર પાસે ડ્રેનેજ લાઈન નાંખવા અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૨,૩૧,૦૮૦/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ..

ઠરાવ.:

કા.સ.ઠ.નં. –૪૭૨ / તા.:૦૯ –૦૩–૨૦૧૭ તથા ડ્રે.ક.ઠ.નં.૩૫ / તા.:૭– ૨–૨૦૧૭ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર ગર્વમેન્ટ કોલોની પંપીગ સ્ટેશન, સહયોગ નગર પાસે હાલે રોડ બ્રીજ બનાવવાની કામગીરી ચાલે છે. જેમાં જે.સી.બી. ધ્વારા ખોદાણ કામ કરવામાં આવતા ડ્રેનેજ લાઈન ડેમેજ થયેલ છે. જેથી સ્થળ તપાસ કરતા તેટલા ભાગે નવી ડ્રેનેજ લાઈન નાખી કનેકટીવીટી ચાલુ કરી શકાય એમ છે. સદર સમસ્યાનું લોકહીતમાં તાત્કાલીક નીવારણ લાવવાનું હોય. સદર કામગીરી કરવા માટે સદર વિસ્તારમાં ૪૦ મીટર લંબાઈની ૧૮" ડાયાની લાઈન નાખવાની જરૂરીયાત હોય. સદર લાઈન નાંખવા અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૨,૩૧,૦૮૦/– અંકે રૂા. બે લાખ, એકત્રીસ હજાર, એંસી પુરા મંજુર કરી, સદરહું કામગીરી ૧૪માં નાણાંપંચ ગ્રાંટમાંથી કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

– મંજુર..

# <u>જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૯૨ તા.૨૬/૦૪/૨૦૧૭</u>

વ.કા. નં.: ૧૫.
વિષય.: કા.સ.ઠ.નં. – ૪૭૩/ તા.:૦૯ –૦૩–૨૦૧૭ તથા ડ્રે.ક.ઠ.નં.૩૬ / તા.:૭– ૨–૨૦૧૭ ની ભલામણ મુજબ, રામક્રિષ્ના એપાર્ટમેન્ટ ( વાઈટ હાઉસ પાસે), બેચરરોડ ખાતે ડ્રેનેજ લાઈન નાંખવા અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૧,૨૪,૫૧૫/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ..

ઠરાવ.:

કા.સ.ઠ.નં. – ૪૭૩ / તા.:૦૯ –૦૩–૨૦૧૭ તથા ડ્રે.ક.ઠ.નં.૩૬ / તા.:૭– ૨–૨૦૧૭ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર રામક્રિષ્ના એપાર્ટમેન્ટ ( વાઈટ હાઉસ પાસે), બેચરરોડ ખાતે ડ્રેનેજ લાઈનની સુવિધા ન હોવાથી સદર વિસ્તાર સ્થળ તપાસ કરતા સદર એપાર્ટમેન્ટની લાઈનના છેવાડે આવેલ ચેમ્બરને મેઈન લાઈન સુધી નવી ડ્રેનેજ લાઈન ૮૦(એંસી) મીટર લંબાઈની ૧૨" ડાયાની લાઈન નાખવાની જરૂરીયાત હોય. સદર લાઈન નાંખવા અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૧,૨૪,૫૧૫/– અંકે રૂા.એક લાખ, ચોવીસ હજાર, પાંચસો પંદર પુરા મંજુર કરી, સદરહું કામગીરી ૧૪માં નાણાંપંચ ગ્રાંટમાંથી કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

– મંજુર..

# <u>જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૯૩ તા.૨૬/૦૪/૨૦૧૭</u>

વ.કા.નં.:૧૬
વિષય.: ડ્રે.ક.ઠ.નં.૧૩/ તા.:૧૭–૪–૨૦૧૭ ની ભલામણ મુજબ લક્ષ્મીનારાયણ મંદિર એમ.જી.રોડ વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઈન નાંખવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ..

ઠરાવ.:

ડ્રે.ક.ઠ.નં.૧૩/ તા.:૧૭–૪–૨૦૧૭ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ લક્ષ્મીનારાયણ મંદિર એમ.જી.રોડ વિસ્તારમાં આવેલ ડ્રેનેજ પાઈપ લાઈન ઘણી જુની અને અમુક ભાગે ભંગાણ પડેલ હોવાથી ગંદા તથા વપરાશી ચેમ્બર મારફતે ગંદુ પાણી બહાર નીકળી આવે છે. સદર વિસ્તારના રહીશોની આવતી ફરીયાદો ધ્યાને લઈ સદર પરીસ્થીતીના નિવારણ માટે ૮૨–મીટર લંબાઈની ૧૨– ડાયાની ડ્રેનેજ લાઈન નાંખવી જરૂરી છે. સને ૨૦૧૬–૧૭ ના ડ્રેનેજ કમીટી ઠરાવ નં.–૪ / તા.:૧૬–૯–૧૬ થી મંજુર થયેલા ભાવે આવેલ અંદાજીત એસ્ટીમેઈટ રૂા. ૧,૩૪,૩૮૦/– પુરાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

–મંજુર..

# <u>જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૯૪ તા.૨૬/૦૪/૨૦૧૭</u>

વ.કા.નં.:૧૭

વિષય.: ડ્રે.ક.ઠ.નં.૧૪/ તા.:૧૭–૪–૨૦૧૭ ની ભલામણ મુજબ ગુડલકની ગલી ,મોગરાવાડી વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઈન નાંખવા બાબત.

–પ્રમુખ સ્થાનેથી રજુ..

ઠરાવ.:

ડ્રે.ક.ઠ.નં.૧૪/ તા.:૧૭–૪–૨૦૧૭ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ગુડલકની ગલી ,મોગરાવાડી વિસ્તારમા ડ્રેનેજ લાઈન નાંખવામાં આવેલ નથી. જેથી ગંદા તથા વપરાશી પાણી ખુલ્લામાં જાય છે. જેથી ગંદકી થાયછે. સદર વિસ્તારના રહીશોની આવતી ફરીયાદો ધ્યાને લઈ સદર પરીસ્થીતીના નિવારણ માટે ૩૭–મીટર લંબાઈની, ૧૨– ડાયાની ડ્રેનેજ લાઈન નાંખવી જરૂરી છે. સને ૨૦૧૬–૧૭ ના ડ્રેનેજ કમીટી ઠરાવ નં.–૪ / તા.:૧૬–૯–૧૬ થી મંજુર થયેલા ભાવે આવેલ અંદાજીત એસ્ટીમેઈટ રૂા. ૫૮,૯૫૫ /– પુરાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

–મંજુર..

# <u>જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૨૯૫ તા.૨૬/૦૪/૨૦૧૭</u>

વ.કા. નં.:૧૮
વિષય.: વોર્ડ નં.–૮ ,મોગરાવાડી વિસ્તારમાં આવેલ દલાલની ગલીમાં વરસાદી પાણીની નિકાલની ગટર બનાવવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ..

ઠરાવ.:

ઈજનેરશ્રીના રીપોર્ટમાં જણાવ્યા મુજબ, વોર્ડ નં.–૮ ના મોગરાવાડી વિસ્તારમાં આવેલ દલાલની ગલીમાં વરસાદી પાણીની નિકાલની ગટર બનાવવાની જરૂરીયાત હોય, જે અંગેનું જરૂરી ૧૧૦ –મીટર લંબાઈની, ૨–નંગ ચેમ્બર સાથે અંદાજીત ખર્ચ રૂા. ૧,૪૪,૯૬૦– નું આવેલ છે. જે મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર..

ચીફ ઓફીસરશ્રીએ જણાવ્યુ કે, આગામી ૫મી જુન –વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવવાનુ સરકારશ્રીએ નકકી કરેલ છે.દરેક નાગરીકો આ બાબતે જાગૃત થાય અને શહેરના સુકો તેમજ ભીનો કચરો અલગ અલગ બે કચરા પેટીઓમા ભેગો કરે ,ભીના કચરા માટે ગ્રીન ,અને સુકા કચરા માટે બ્લુ કલરની કચરા પેટીઓનો ઉપયોગ કરે .સેગરીકેશન રીતે કામગીરી થાય જે માટેના પ્રચાર –પસાર તેમજ પુર્વ તૈયારી શહેરના જાગૃત નાગરીકો ,સેવાભાવી સંસ્થાઓ, અને શહેરીજનો સૌ જોડાય અને તમામ વોર્ડ વિસ્તારના નાગરીકોને આ બાબતે સમજુત કરવા નકકર આયોજન હાથ ધરવા આગામી કાર્યવાહી કરવાની થાય છે એમ જણાવ્યુ.

સભાનું કામકાજ પુર્ણ થતા પ્રમુખશ્રીએ સૌનો અભાર વ્યકત કરી જણાવ્યુ કે,હવે સભાનું કામકાજ પુર્ણ થાય છે .આપણે સૌ " જન ગણ મન " રાષ્ટ્રગીતથી સભાનું કામકાજ પુર્ણ કરીએ....." જન ગણ મન " રાષ્ટ્રગીતથી સભા પુર્ણ થઈ....

(સોનલબેન તેજશભાઈ સોલંકી ( જૈન )
પ્રમુખ,
વલસાડ નગરપાલિકા.

તા.: ૦૫–૦૫–૨૦૧૭.